જા.નં. એમ.આઈ.પી./ ૧/ ભાવ/ ૧૫૨/૨૨૦

લઘુ સિંચાઈ યોજના(સીડીઓ) વર્તુળ
ગાંધીનગર
તા. ૧૪/૫/૨૦૦૩

વિષય :— સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત (૧) નદીઓ/ વહેળા પર સીરીઝ ઓફ ચેકડેમ માટે સ્થળ પસંદગી કરવા બાબત તથા (૨) ચેકડેમની ઉંચાઈ નક્કી કરવા બાબત.

(૧) સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના અંતર્ગત સરકારશ્રીએ ખૂબ જ મોટી સંખ્યામાં ચેકડેમ બાંધવાનો નિર્ધાર કરેલ છે. જે અંતર્ગત એક જ નદી/વહેળા પર ચેકડેમ બાંધવા માટે પણ લોકજૂથોએ માંગણી કરેલ છે. આવા કિસ્સાઓમાં ચેકડેમની સ્થળ પસંદગી માટે નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લેવા વિનંતી છે.

(અ) નાના વહેળા /નાની નદી પર બંધાનારા ચેકડેમ માટે વહેળાનો ઢોળાવ તથા ચેકડેમની ઉંચાઈને ધ્યાને રાખી હેઠવાસના ચેકડેમમાં ભરાનારા પાણીથી ઉપરવાસનો ચેકડેમ ડૂબાણમાં ન આવે તે મુજબ સ્થળ પસંદગી કરવી.

(બ) મોટી નદી પર બે ચેકડેમ વચ્ચેનું અંતર નીચેના મુદ્દાઓને ધ્યાને રાખી નક્કી કરવું.

૧.૧ ચેકડેમની ઉંચાઈ અને તેની ઉપર હાલના તબક્કે આશરે ૩ મીટર જેટલું એફલકસ એચ.એફ.એલ. ગણીને નદીના ઢોળાવની ગણતરી કરી હેઠવાસના ચેકડેમના એફલકસ સાથેનું પાણીનું ટેઈલ ઉપરવાસના ચેકડેમના એપ્રોનથી આશરે ૫ મી. દૂર રહેવું જોઈએ.

૧.૨ ૫ કિ.મી.નું અંતર.

ઉપરના બે અંતરમાંથી જે અંતર ઓછું હોય તે અંતરને બે ચેકડેમ વચ્ચેના અંતર તરીકે લેવું. પરંતુ આ અંતર જ્યાં નદીની પહોળાઈ ઓછી હોય તથા ઉંચા કાંઠા હોય તે પ્રમાણે સ્થળ પરિસ્થિતિ મુજબ ૨૫૦ થી ૫૦૦ મી.નો ફેરફાર જરૂર જણાયે ક્ષેત્રિય અધિકારીઓએ કરી સ્થળ પસંદગી કરવી.

...૨...

(૨) ચેકડેમની ઉંચાઈ નીચે મુજબના બે વિકલ્પ ચકાસી નકકી કરવાની રહેશે.

(અ) બંને કાંઠા ઉપરની આવેલી જમીનના લેવલથી ચેકડેમના બંને કાંઠામાં કરવામાં આવતી 'કી'નું મથાળું ઉંચુ ન હોવું જોઈએ.

(બ) ચેકડેમની ઉંચાઈ ચેકડેમની 'કી'ના મથાળાથી ઓછામાં ઓછી ૦.૭૫ મી. નીચી હોવી જોઈએ.

નદીના તળીયાથી ચેકડેમની ઉંચાઈ ઉપરોકત (અ) અને (બ) ને ધ્યાને રાખી મહત્તમ ૩ મીટર સુધીની ઉંચાઈ કરી શકાશે. ૩ મીટર કરતાં ઉંચા ચેકડેમ માટે સરકારશ્રી કક્ષાએથી ખાસ મંજુરી મેળવવાની રહેશે.

અધીક્ષક ઈજનેર
લઘુસિંચાઈ યોજના (સીડીઓ)
ગાંધીનગર